For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### ખાટું શ્યામના દર્શને જતાં નડ્યો અકસ્માત, ઊભેલી કારને અજાણ્યા વાહને ઉડાવી, ગતરોજ સમિયાલા નજીક અકસ્માતમાં ૪ લોકોના મોત થયા હતા

# દિલ્હી-મુંબઈ હાઈવે ફરી રક્તરંજિત, કરજણ પાસે હિટ એન્ડ રનમાં વાપીના ૩ના મોત


પ્રમોદભાઈ પાટીલ


વિશાલભાઈ દેવરે


વંદનાબેન દેવરે

(પ્રતિનિધિ), વડોદરા. તા.8
સ્પીડના શોખીનો માટે બનેલો દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે હવે વાહનચાલકો માટે જાણે 'ડેથ ઝોન' બની રહ્યો છે. કરજણ નજીકથી પસાર થતા એક્સપ્રેસવે પર વધુ એક હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો છે, જેમાં વાપીના એક હસતા-રમતા પરિવારના 3 સભ્યોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. વાપીનો આ પરિવાર રાજસ્થાન સ્થિત ખાટું શ્યામના દર્શન કરવા માટે ભક્તિભાવ સાથે નીકળ્યો હતો, પરંતુ કરજણ પાસે કાળ તેમનો પીછો કરી રહ્યો હતો. પરિવારના જણાવ્યા અનુસાર, તેઓએ પોતાની ગાડી હાઈવેની સાઈડમાં પાર્ક કરી હતી, તે દરમિયાન પૂરપાટ ઝડપે આવેલા એક અજાણ્યા વાહનચાલકે તેમની કારને જોરદાર ટક્કર મારી દીધી હતી અને અકસ્માત સર્જીને વાહન સહિત ત્યાંથી ફરાર થઈ ગયો હતો. આ ભયાનક અકસ્માત એટલો જોરદાર હતો કે કારનો કુરચો બોલી ગયો હતો. ગાડીમાં કુલ 9 લોકો સવાર હતા, જેમાંથી બે લોકોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા હતા. અકસ્માત થતાં જ હાઈવે પર મરણચીસો ગુંજી ઉઠી હતી. ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો અને 108 ઈમરજન્સીની ટીમ તાબડતોબ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. બચાવ કામગીરી શરૂ કરીને તમામ ઈજાગ્રસ્તોને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર અર્થે વડોદરાની સયાજી હોસ્પિટલ તેમજ પાદરાની હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે, જ્યાં કેટલાકની હાલત હજુ પણ ગંભીર હોવાનું જાણવા મળી રહ્યું છે. દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે પર સુરક્ષા વ્યવસ્થા અને સ્પીડ લિમિટને લઈને હવે ગંભીર સવાલો ઊભા થઈ રહ્યા છે. આ ઘટનાના બરાબર એક દિવસ અગાઉ જ આ હાઈવે પર સમિયાલા નજીક એક ભયાનક અકસ્માત સર્જાયો હતો, જેમાં 4 લોકોએ પોતાના જીવ ગુમાવ્યા હતા. ત્યારે માત્ર 24 કલાકની અંદર જ આ બીજા મોટા અકસ્માતે હાઈવે ઓથોરિટી અને પેટ્રોલિંગ વ્યવસ્થાની પોલ ખોલી નાખી છે. હાઈવે પર સ્પીડ ગન, સીસીટીવી અને પાર્કિંગ એરિયાના નિયમોનું કડક પાલન થાય તે જરૂરી બન્યું છે. કરજણ પોલીસે હાલ અજાણ્યા ચાલક વિરુદ્ધ ગુનો નોંધી પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

### ૭૫ હજાર શિક્ષકો માટે એલર્ટ !

# સુપ્રીમ કોર્ટનો મોટો નિર્ણય, ૩૧ ઓગસ્ટ ૨૦૨૮ સુધી TET પાસ કરવી ફરજિયાત

**2010 પહેલાં** નિમાયેલા અને પાંચ વર્ષથી વધુ સેવા બાકી ધરાવતા શિક્ષકોને લાગુ પડશે નિયમ

**TET પાસ નહીં** કરે તો નોકરી અને પ્રમોશન પર સંકટ; વર્ષમાં બે વખત પરીક્ષા યોજવા કોર્ટે આપ્યો આદેશ

**નિર્ણયના** અમલીકરણ માટે ટૂંક સમયમાં નવી માર્ગદર્શિકા જાહેર કરવામાં આવે તેવી શક્યતા

(પ્રતિનિધિ), વડોદરા, તા. 8
સુપ્રીમ કોર્ટના મહત્વપૂર્ણ નિર્ણય બાદ ગુજરાતના શિક્ષણ ક્ષેત્રમાં ભારે ચર્ચા અને ચિંતાનો માહોલ સર્જાયો છે. કોર્ટના આદેશ મુજબ હવે રાજ્યના અંદાજે 75 હજાર જેટલા પ્રાથમિક શિક્ષકોએ ફરજિયાતપણે શિક્ષક પાત્રતા કસોટી (TET) પાસ કરવી પડશે. આ અંગે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા શિક્ષણ વિભાગને જરૂરી કાર્યવાહી કરવા માટે જાણ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

સુપ્રીમ કોર્ટના ચુકાદા અનુસાર વર્ષ 2010 પહેલાં નિમણૂક પામેલા અને જેમની નિવૃત્તિ માટે હજુ પાંચ વર્ષથી વધુ સમય બાકી છે એવા તમામ શિક્ષકો માટે TET લાયકાત મેળવવી ફરજિયાત રહેશે. કોર્ટ દ્વારા અગાઉ નક્કી કરાયેલી સમયમર્યાદા વધારીને હવે 31 ઓગસ્ટ, 2028 સુધીનો સમય આપવામાં આવ્યો છે. આ સમયગાળા દરમિયાન TET પાસ ન કરનારા શિક્ષકોને સેવા ચાલુ રાખવામાં મુશ્કેલી પડી શકે છે, જ્યારે પ્રમોશન અને ઉચ્ચ પગાર ધોરણ માટે પણ TET અનિવાર્ય રહેશે.

સુપ્રીમ કોર્ટે પોતાના નિર્ણયમાં સ્પષ્ટ કર્યું છે કે શિક્ષણની ગુણવત્તા સાથે કોઈ સમાધાન થઈ શકે નહીં અને બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવું રાજ્યની જવાબદારી છે. કોર્ટે નોંધ્યું કે માત્ર નોકરી બચાવવાના હેતુથી શિક્ષકોને લાયકાતના ધોરણોમાંથી મુક્તિ આપી શકાય નહીં.

શિક્ષકોને પૂરતી તક મળે તે માટે કોર્ટે રાજ્યોને વર્ષમાં ઓછામાં ઓછી બે વખત TET પરીક્ષા યોજવા પણ નિર્દેશ આપ્યો છે. હવે ગુજરાત સરકાર અને શિક્ષણ વિભાગ દ્વારા આ નિર્ણયના અમલીકરણ માટે ટૂંક સમયમાં નવી માર્ગદર્શિકા જાહેર કરવામાં આવે તેવી શક્યતા છે.

આ નિર્ણયથી 2010 પહેલાં સેવા શરૂ કરનારા હજારો શિક્ષકોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે. જોકે શિક્ષણવિદો અને શિક્ષણ ક્ષેત્રના જાણકારો આ નિર્ણયને શિક્ષણની ગુણવત્તા સુધારવા અને વિદ્યાર્થીઓને વધુ સક્ષમ શિક્ષકો ઉપલબ્ધ કરાવવા માટેનું મહત્વપૂર્ણ પગલું ગણાવી રહ્યા છે.

### નકલી વિઝા સ્ટીકર સહિતના ડોક્યુમેન્ટ પધરાવ્યા

# કેનેડાના પીઆરની લાલચે ઠગ એજન્ટે વેપારીને રૂ.૧૨.૫૭ લાખનો ચુનો ચોપડયો

**પુત્રીને કેનેડાનું** પીઆર અપાવવાની લાલચ આપી ખંભાતના વેપારી સાથે ઠગાઈ

(પ્રતિનિધિ), વડોદરા. તા.8
વિદેશમાં સ્થાયી થવાના સપના જોતા લોકો માટે વધુ ને વધુ છેત્તરપિંડી ના કિસ્સાનો થઈ રહ્યા છે છે. ખંભાતના એક વેપારીની પુત્રીને કેનેડાનું પર્મેનન્ટ રેસિડન્સ (PR) અપાવવાના બહાને વડોદરાના વિઝા કન્સલ્ટન્ટે રૂ. 12.57 લાખ રૂપિયા પડાવી નકલી વિઝા સ્ટીકર સહિતના ડોક્યુમેન્ટ પધરાવી દેવામાં આવ્યા હતા. આણંદ જિલ્લાના ખંભાત ખાતે રહેતા વેપારી સચીન કનુભાઈ ઝવેરીની પુત્રી જાનવી લંડનમાં સ્ટુડન્ટ વિઝા પર અભ્યાસ કરતી હતી. આ દરમિયાન ઓળખાણ મારફતે વડોદરાના છાણી જકાતનાકા વિસ્તારમાં ઓફિસ ધરાવતા વિઝા કન્સલ્ટન્ટ ક્રિશ્ચિયન લીયો ઉર્ફે સેલ્વીન મેકવાનનો સંપર્ક થયો હતો. આરોપીએ જાનવીને કેનેડાનું પી.આર. અપાવી આપવાની ખાતરી આપી સમગ્ર પ્રક્રિયા માટે રૂ.35 લાખ ખર્ચ થવાનો હોવાનું જણાવ્યું હતું. આશ્વાસનોમાં આવી વેપારી અને તેમના પરિવારજનોએ અલગ-અલગ હપ્તામાં ઓનલાઈન ટ્રાન્સફર, ગૂગલ પે તેમજ રોકડ મળી કુલ રૂ.15.07 લાખ આરોપીને ચૂકવ્યા હતા.

ત્યારબાદ આરોપીએ ઈમિગ્રેશન સંબંધિત દસ્તાવેજો અને કેનેડાના વિઝાનું સ્ટીકર મોકલ્યું હતું. જોકે દસ્તાવેજોની વિશ્વસનીયતા અંગે શંકા જતા વિદેશમાં રહેતા ઓળખીતાઓ મારફતે તપાસ કરાવવામાં આવી હતી. તપાસમાં વિઝા સ્ટીકર અને સંબંધિત દસ્તાવેજો નકલી હોવાનું બહાર આવ્યું હતું. છેતરપિંડીનો ભાંડો ફૂટતાં વેપારીએ આરોપીનો સંપર્ક કરી રૂપિયા પરત માંગ્યા હતા. શરૂઆતમાં આરોપીએ ભૂલ સ્વીકારી રૂપિયા પરત આપવાની ખાતરી આપી હતી અને વિવિધ હપ્તામાં રૂ.2.50 લાખ પરત પણ આપ્યા હતા. પરંતુ ત્યારબાદ બાકીના રૂ.12.57 લાખ પરત આપવાને બદલે સંપર્ક તોડી નાખ્યો હતો. આખરે વેપારીએ પોલીસનો આશરો લેતા આરોપી વિઝા કન્સલ્ટન્ટ સામે છેતરપિંડીની ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે ગુનો દાખલ કરી આરોપીની ભૂમિકા, લેવડદેવડના પુરાવા તથા નકલી દસ્તાવેજોની તપાસ શરૂ કરી છે.

### સ્કૂલ કેમ્પસમાં ફરી બાળકોનો કલરવ ગુંજી ઉઠ્યો



■ ઉનાળુ વેકેશન પછી પહેલો દિવસ હોવાથી વિદ્યાર્થીઓમાં જબરો ઉત્સાહ જોવા મળ્યો. મોટાભાગની સ્કૂલોએ વિદ્યાર્થીઓનું તિલક કરી, મોં મીઠું કરાવીને સ્વાગત કર્યું. પહેલા દિવસે જ મોટી સંખ્યામાં હાજરી નોંધાઈ. નવા સત્રની શરૂઆત સાથે જ સ્કૂલ કેમ્પસમાં ફરી બાળકોનો કલરવ ગુંજી ઉઠ્યો. શિક્ષકો અને વાલીઓમાં પણ નવા સત્રને લઈને ઉત્સાહ જોવા મળ્યો

### વડોદરામાં પશુપાલકોની દાદાગીરી

# રખડતા ઢોર પકડવા ગયેલી કોર્પોરેશનની ટીમ પર હુમલો

વડોદરાઃ વડોદરાના ખોડીયાર નગર રોડ પર આવેલી વૈકુંઠ સોસાયટીમાં રહેતા શશીકાંત શર્મા વડોદરા કોર્પોરેશનના દબાણ અને સિક્યુરિટી વિભાગના પૂર્વ ઝોનમાં સુપરવાઈઝર તરીકે ફરજ બજાવે છે. ગઈકાલે બપોરે આશરે ૧૨:૩૦ વાગ્યાની આસપાસ તેઓ પોતાની ટીમ સાથે ફરજ પર હતા, ત્યારે બાપોદ પોલીસ સ્ટેશનની પાછળ જાહેર માર્ગ પર બે ગાયો રખડતી હોવાનું માલૂમ પડ્યું હતું. આથી કોર્પોરેશનના સ્ટાફે તાત્કાલિક કાર્યવાહી કરીને બંને ગાયોને કાબૂમાં કરી લીધી હતી અને તેને બાપોદ પોલીસ સ્ટેશન નજીક આવેલા ખુલ્લા મેદાન તરફ લઈ જઈ રહ્યા હતા. આ દરમિયાન ભનુ ભરવાડ સહિત બે અજાણ્યા પશુપાલકો ત્યાં ધસી આવ્યા હતા અને કોર્પોરેશનના સ્ટાફને રોકીને ગેરવર્તણૂક શરૂ કરી હતી. આરોપીઓએ સ્ટાફ સાથે ગાળાગાળી કરી ઝપાઝપી કરી હતી અને ગાયોને પરાણે છોડાવવાનો પ્રયાસ કર્યો હતો. ઘટનાની ગંભીરતા જોઈને સુપરવાઈઝર



શશીકાંત શર્મા પશુપાલકોને સમજાવવા માટે વચ્ચે પડ્યા હતા. જો કે, ઉશ્કેરાયેલા આરોપીઓએ શર્મા સાથે પણ આક્રમક ઝપાઝપી કરી હતી અને જાહેરમાં ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ હોબાળા અને અફરાતફરીનો લાભ ઉઠાવીને આરોપીઓ કોર્પોરેશનની ટીમે પકડેલી ગાયોને ભગાડીને ત્યાંથી રફુચક્કર થઈ ગયા હતા. સરકારી ફરજમાં રૂકાવટ, હુમલો અને ધમકીની આ ઘટના બાદ સુપરવાઈઝર શશીકાંત શર્માએ બાપોદ પોલીસ સ્ટેશનમાં ભનુ ભરવાડ સહિત બે વ્યક્તિઓ વિરૂદ્ધ નામજોગ ફરિયાદ નોંધાવી છે.

### હરણી ગદા સર્કલ પાસે હિટ એન્ડ રનની ઘટના સર્જાઇ

# અજાણ્યા વાહનની ટક્કરે ૨૫ વર્ષીય યુવકનું કમકમાટીભર્યું મોત નીપજ્યું

(પ્રતિનિધિ), વડોદરા. તા.8
વડોદરા શહેરના હરણી ગદા સર્કલ પાસે ગતરાત્રે એક અત્યંત હૃદયદ્રાવક અને કંપારી છૂટી જાય તેવી હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે. પુરપાટ ઝડપે આવી રહેલા એક અજાણ્યા ભારદારી વાહનચાલકે બાઈક સવાર 25 વર્ષીય આશાસ્પદ યુવકને એવી જોરદાર ટક્કર મારી હતી કે યુવકનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું. અકસ્માત એટલો ભયાવહ હતો કે માસના લોચા રોડ પર વિખેરાઈ ગયા હતા. અકસ્માત સર્જીને બેદરકાર વાહનચાલક અંધારાનો લાભ ઉઠાવી વાહન સાથે ફરાર થઈ ગયો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક યુવકનું નામ સંજય મહેશભાઈ રાવળ, ઉંમર વર્ષ 25 હતું. સંજયનો પરિવાર મૂળ સેવાસી વિસ્તારમાં આવેલા વેદાંત વિલા સામે શ્રમજીવી વસાહતમાં રહે છે. પિતા મહેશભાઈ મોહનભાઈ રાવળ અને પરિવાર મજૂરી કામ કરીને પોતાનું જીવન-ગુજરાન ચલાવે છે. જુવાનજોધ દીકરાના અકાળે અવસાનથી ગરીબ રાવળ પરિવાર પર આભ તૂટી પડ્યું છે. મૃતકના પિતા મહેશભાઈએ પોલીસમાં નોંધાવેલી ફરિયાદ અનુસાર, અકસ્માત સમયે તેઓ પોતાના શેઠના બંગલે કામ પર હાજર હતા. એ જ વખતે અચાનક તેમના મોબાઈલ પર ફોન આવ્યો કે, તમારા દીકરા સંજયનો અકસ્માત થયો છે અને તેનું મોત નીપજ્યું છે, તમે તાત્કાલિક ગદા સર્કલ પહોંચો. આ સાંભળતા જ પિતાના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. પુત્રના અકસ્માતના સમાચાર મળતા જ પિતા મહેશભાઈ અને માતા દક્ષાબહેન તાબડતોબ હરણી ગદા સર્કલ ખાતે દોડી આવ્યા હતા. ત્યાં પોલીસ અને લોકોના ટોળા વચ્ચે પોતાના એકના એક જુવાનજોધ દીકરાની લોહીલુહાણ અને ક્ષત-વિક્ષત હાલતમાં લાશ જોઈને માતા-પિતા ભાંગી પડ્યા હતા. માતા દક્ષાબહેન અને પિતાના હૈયાફાટ આક્રંદ અને વિલાપથી વાતાવરણ ગમગીન બની ગયું હતું અને ત્યાં હાજર રાહદારીઓ તથા સ્થાનિક લોકોની આંખો પણ ભીની થઈ ગઈ હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે યુવકને માથા અને શરીરના ભાગે જીવલેણ ઈજાઓ પહોંચી હતી. ચીસ પાડી ઉઠાય તેવા આ અકસ્માતને પગલે આસપાસના સ્થાનિક લોકો અને રાહદારીઓ તાત્કાલિક મદદે દોડી આવ્યા હતા અને પોલીસને જાણ કરી હતી. હરણી પોલીસે ઘટનાસ્થળે પહોંચીને યુવકના મૃતદેહનો કબજો મેળવી, તેને પોસ્ટમોર્ટમ અર્થે સયાજી હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો.

**કારકિર્દી દાવ પર** ગણિત બીજા ક્રમે, સ્ટેપ માર્કિંગ ન આપવા,સાચા જવાબે શૂન્ય માર્કના આક્ષેપો

# CBSEનું પોર્ટલ ફરી ખોરવાયું: ધોરણ ૧૨ની રી-ઈવેલ્યુએશનની છેલ્લી તારીખે સર્વર ઠપ્પ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.8
કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ (CBSE)ના ધોરણ-12ના વિદ્યાર્થીઓ માટે રી-ઈવેલ્યુએશન અરજીની છેલ્લી તારીખે જ પોર્ટલ ખોરવાઈ જતાં દેશભરના હજારો વિદ્યાર્થીઓ માટે ગંભીર મુશ્કેલી ઊભી થઈ છે. મધરાતની ડેડલાઈન નજીક આવતા જ વેબસાઈટ પર સર્જાયેલી ટેકનિકલ ખામીઓને કારણે અનેક વિદ્યાર્થીઓ અરજી કરવામાં નિષ્ફળ રહ્યા હોવાનું સામે આવ્યું છે, જેના કારણે તેમની શૈક્ષણિક કારકિર્દી અને ઉચ્ચ અભ્યાસના સપનાઓ પર અનિશ્ચિતતાના વાદળો ઘેરાયા છે.વિદ્યાર્થીઓના જણાવ્યા મુજબ છેલ્લા કલાકોમાં રી-ઈવેલ્યુએશન પોર્ટલ પર લોગિન ફેઈલ્યોર, 'રોલ નંબર નોટ ફાઉન્ડ' એરર, પેમેન્ટ પ્રક્રિયામાં અવરોધ, કેપ્ચા વેરિફિકેશન નિષ્ફળ જવું તેમજ વેબપેજ લોડ ન થવા જેવી અનેક ગંભીર સમસ્યાઓ સર્જાઈ હતી. અનેક વિદ્યાર્થીઓએ આક્ષેપ કર્યો છે કે CBSEની હેલ્પલાઈન સતત વ્યસ્ત રહી હતી અથવા ફોનનો જવાબ આપવામાં આવ્યો ન હતો. ઉપરાંત ઈ-મેઈલ દ્વારા કરવામાં આવેલી રજૂઆતોનો પણ દિવસો સુધી કોઈ પ્રતિસાદ મળ્યો ન હોવાનું વિદ્યાર્થીઓએ જણાવ્યું છે. વિદ્યાર્થીની તનિષ્કા રાઠી સહિત અનેક વિદ્યાર્થીઓએ પ્રશ્ન ઉઠાવ્યો છે કે જ્યારે પોર્ટલ જ યોગ્ય રીતે કાર્ય કરતું ન હોય ત્યારે વિદ્યાર્થીઓ સમયમર્યાદામાં અરજી કેવી રીતે કરી શકે? વિદ્યાર્થીઓનું કહેવું છે કે તમામ વિગતો યોગ્ય રીતે દાખલ કરવા છતાં સિસ્ટમ તેમને લોગિન કરવાની મંજૂરી આપતી નહોતી.

વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ચિંતા છે કે તેમની કોઈ ભૂલ વિના તેઓ મનપસંદ કોલેજ અથવા કોર્સમાં પ્રવેશ મેળવવાની તક ગુમાવી શકે છે. ઉપરાંત કેટલીક સ્પર્ધાત્મક પરીક્ષાઓ અને એડમિશન પ્રક્રિયાઓની સમયમર્યાદા નજીક હોવાને કારણે આ વિલંબ તેમના ભવિષ્યને અસર કરી શકે છે.નોંધનીય છે કે ટેકનિકલ અને સુરક્ષા સંબંધિત કારણોસર CBSE અગાઉ પણ રી-ઈવેલ્યુએશનની સમયમર્યાદા લંબાવી ચૂકી છે. જોકે પોર્ટલમાં સતત સર્જાતી ખામીઓને કારણે વધારાનો સમય પણ વિદ્યાર્થીઓ માટે ઉપયોગી સાબિત થયો નથી. રવિવાર સાંજથી સોશિયલ મીડિયા પર »ExtendCBSEDeadline અને »CBSEReevaluation જેવા હેશટેગ સાથે ડેડલાઈન ફરી લંબાવવાની માંગ જોર પકડી રહી છે.


### CBSE ધો-12માં ફિઝિક્સના માર્કિંગ પર વિદ્યાર્થીઓનો ફૂટ્યો રોષ

સીબીએસઈ ધોરણ 12ના પરિણામ બાદ રી-ઇવેલ્યુએશન માટે ઉત્તરવહીની ફોટોકોપી મેળવનારા હજારો વિદ્યાર્થીઓમાં ફિઝિક્સના માર્કિંગને લઈને સૌથી વધુ ફરિયાદો ઉઠી છે. વિદ્યાર્થીઓએ સાચા જવાબે શૂન્ય માર્ક, સ્ટેપ માર્કિંગ ન આપવા અને આખા પાનાં તપાસ્યા વગરના ગંભીર આક્ષેપો કર્યા છે. ફરિયાદોમાં ફિઝિક્સ પ્રથમ અને ગણિત બીજા ક્રમે છે.વિદ્યાર્થીના આક્ષેપ મુજબ મને અન્ય તમામ વિષયોમાં 80થી વધુ માર્ક મળ્યા, પણ ફિઝિક્સમાં માત્ર 18. મેં જોયું કે સાચા જવાબને પણ શૂન્ય માર્ક અપાયા છે. ફિઝિક્સનું મૂલ્યાંકન અત્યંત કડક હતું, ફોર્મ્યુલા અને સ્ટેપ સાચા હોવા છતાં માર્ક અપાયા નથી. તેમના એક વિદ્યાર્થીના રોલ નંબર હેઠળ અપલોડ થયેલી ઉત્તરવહી તેની હતી જ નહીં. હેન્ડરાઈટિંગ, લખાણ અને રજૂઆત સંપૂર્ણ અલગ હતી. ફરિયાદ વાયરલ થતાં સીબીએસઈ એ ભૂલ સ્વીકારી અને સાચી ઉત્તરવહી આપી હતી. વિદ્યાર્થીઓ મુજબ આખા પેપરમાં પ્રયાસ કરેલા સવાલના પણ માર્ક મળ્યા નથી, ભલે જવાબ સંપૂર્ણ ખોટો ન હતો. વિદ્યાર્થીઓએ આક્ષેપ કર્યો હતો કે, સંખ્યાત્મક જવાબ સાચા હોવા છતાં સ્ટેપ માર્કિંગ ન અપાયું. ગણિતમાં ઇન્ટરમીડિયેટ સ્ટેપ્સને પૂરતા માર્ક ન અપાયાની ફરિયાદો છે. કેમિસ્ટ્રીમાં માર્કિંગ સ્કીમ મુજબ જવાબ મેળ ખાતા હોવા છતાં અપેક્ષા કરતા ઓછા માર્ક મળ્યાની ફરિયાદ છે. બાયોલોજીમાં વિગતવાર સમજૂતી, લેબલિંગ અને ડાયાગ્રામને યોગ્ય રીતે ન તપાસવાના આક્ષેપો છે. સીબીએઈના ડેટા મુજબ ફરિયાદોનું પ્રમાણ જોતા ગ્રેડ થ્રેશોલ્ડ પણ નીચા ગયા છે. ફિઝિક્સમાં A1 કટ-ઓફ 2024ના 84 અને 2025ના 82થી ઘટીને આ વર્ષે 79 થયો છે. કેમિસ્ટ્રીમાં 89થી ઘટીને 87 અને ગણિતમાં 86થી ઘટીને 85 થયો છે. બોર્ડ કાઉન્સેલરનું કહેવું છે કે, આ વિસંગતતાઓ એન્જિનિયરિંગ સહિતના અંડરગ્રેજ્યુએટ કોર્સમાં પ્રવેશ પ્રક્રિયા પૂરી કરી રહેલા વિદ્યાર્થીઓને અસર કરી રહી છે. ઘણા વિદ્યાર્થીઓએ સવાલ ઉઠાવ્યો કે, મૂલ્યાંકનની ભૂલ સુધારવા માટે વેરિફિકેશન અને રી-ઇવેલ્યુએશન ફી અમે કેમ ભરવી પડે? બોર્ડે જણાવ્યું છે કે નિર્ધારિત વેરિફિકેશન અને રી-ઇવેલ્યુએશન પ્રક્રિયા દ્વારા તમામ સાચી ચિંતાઓની તપાસ કરાશે.

# પાણીના બિલના પૈસા માંગવા જતાં બે ભાઈ પર હુમલો

(પ્રતિનિધિ), વડોદરા. તા.8
સાવલી તાલુકાના મોક્સી ગામે પાણીના બિલના પૈસા માંગવાની બાબતે થયેલી બોલાચાલી ઉગ્ર બનતા બે ભાઈઓ પર હુમલો કરવામા આવ્યો હતો. ઉપરાંત હુમલા પર બે શખ્સોએ બે ભાઈઓને શરીર પર આડેધડ બચકા ભરી લોહી લુહાણ કર્યા બાદ જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. મોક્સી ગામે મસ્જિદવાડા ફળિયામાં રહેતા ગોપાલભાઈ પુંજાભાઈ સોલંકી અને તેમના સાથી પુંજાભાઈ 7 જૂનની સાંજે આરોપીઓ પાસેથી પાણીના લાઈટ બિલના પૈસા માંગવા ગયા હતા. આ દરમિયાન હર્ષદ છત્રસિંહ સોલંકી અને કલ્પેશભાઈ છત્રસિંહ સોલંકી સાથે બોલાચાલી થઈ હતી. દરમિયાન સામાન્ય બોલાચાલી ઉગ્ર ઝઘડામાં ફેરવાઈ ગઈ હતી જેમાં ઉશ્કેરાયેલા હર્ષદ અને કલ્પેશ સોલંકી એ બે ભાઈને હુમલો કર્યો હતો. ઉપરાંત આરોપી કલ્પેશ અને હર્ષદ સોલંકીએ ગોપાલભાઈ અને પુંજાભાઈના શરીર પર આડેધડ બચકા ભરીને બંનેને જાનથી મારી નાખવાની ધમકી પણ આપવામાં આવી હતી. ઘટનાને પગલે ભાદરવા પોલીસે બંને આરોપીઓની ઘટના બાદ ટૂંક સમયમાં જ ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.


## હાર્દિક શ્રદ્ધાંજલિ


સ્વ. યોગશ પટેલ
(ધારાસભ્ય માંજલપુર)
સ્વ.તા.02-06-2026

આપની કાર્ય કુશળતા, પરોપકારી વૃતિની સુવાસ કાયમ રહે, અમને પથ દર્શક બની રહેશે આપની યાદ સદાય અમારા સૌના દિલમાં અકબંધ છે. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એવી....અભ્યર્થના

| | |
|---|---|
| મુકેશ દિક્ષીત (પૂર્વ કાઉન્સિલર) | આશા મુકેશ દિક્ષીત |
| ડો. મહિમા દિક્ષીત | ડો. શિવાંગ દિક્ષીત |

## હાર્દિક શ્રદ્ધાંજલિ


સ્વ. યોગશ પટેલ
(ધારાસભ્ય માંજલપુર) સ્વ.તા.02-06-2026

આપના સુમધુર સ્મરણોના પુષ્પો વિસી શકાતા નથી. આપનું જીવન સંપૂર્ણપણે મહેનત, મમતા, સ્નેહ, સિદ્ધાંતથી ભર્યું ભર્યું હતું. જે અમારા માટે પ્રેરણારૂપ છે. પરમ કૃપાળુ પરમાત્મા આપના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના

જ્યોત્સનાબેન રબારી પ્રમુખશ્રી
કમલેશભાઈ પટેલ ઉપપ્રમુખશ્રી
કૈરવીબા વાઘેલા કારોબારી ચેરમેન
જિલ્લા પંચાયત વડોદરા